Ch -6

[Q - 1]. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો.

(1) નર્મદા નદી ક્યા સરોવરમાંથી નીકળે છે ?

- નર્મદા નદી અમરકંટક સરોવરમાંથી નીકળે છે.

(2) 'નર્મદા' નો શો અર્થ થાય છે ?

- 'નર્મ' એટલે આનંદ 'નર્મદા' એટલે આનંદ આપનારી.

(3) ગુજરાતમાં નર્મદાઓ બનાવેલો બેટ ક્યા નામે ઓળખાય છે ?

- ગુજરાતમાં નર્મદાઓ બનાવેલો બેટ 'કબીરવડ' નામે ઓળખાય છે.

(4) નર્મદા નદી ક્યા શહેર પાસે સાગરને મળે છે ?

- નર્મદા નદી ભરૂચ શહેર પાસે સાગરને મળે છે.

[Q - 2]. નીચેના પ્રશ્નનોના ઉત્તર લખો.

(1) પંખીના પાંખે પ્રવાસ કરવો એટલે શું ?

- પંખીના પાંખે પ્રવાસ કરવો એટલે ઊડતાં પક્ષી જેવી ઝડપથી પ્રવાસ કરવો.

(2) નર્મદા ભારતના ક્યા ક્યા બે ભાગ પાડે છે ?

- નર્મદા ભારતના આ બે આડા ભાગ પાડે છે ઉપરનો ભાગ ઉતર ભારત અને નીચેનો ભાગ દક્ષિણ ભારત.

(3) નર્મદાને 'રેવા' શા માટે કહે છે ?

- 'રેવા' એટલે 'કુદનારી' નર્મદા ક્યાંક એકદમ શાંત અને ક્યાંક દોડતી-કૂદતી વહે છે. ક્યાંક એ ધોધ બની જાય છે. અને ક્યાંક એ ધીરગંભીર પ્રવાહ માટે એને 'રેવા' કહે છે.

(4) બંદરકૂદ વિશેની વાતમાં સાહસની શી વાત આવે છે ?

- એક ઠેકાણે નર્મદાનાં બને કિનારે આવેલા પર્વતો એટલા નજીક નજીક છે કે આ પર્વત પરથી સામેના પર્વત પર અને ત્યાંથી પાછા આ પર્વત પર વાંદરા કૂદાકૂદ કર્યા કરે. આ જગ્યાએ

'બંદરકૂદ'કહે છે. બંદરકૂદ વિશેની વાતમાં સાહસની આ વાત આવે છે. જૂના જમાનામાં શૂરવીર સૈનિકો પોતાના ઘોડાઓ આ જગ્યાએ એક પર્વત પરથી બીજા પર્વત પર કુદવી જતા.

[Q - 3]. નીચેના શબ્દોની જોડણી સુધારો :

1. નઉકાવીહાર = નૌકાવિહાર
2. શુરવિર = શૂરવીર
3. પત્થર = પથ્થર
4. અણિદાર = અણીદાર
5. આજ્ઞાકિંત = આજ્ઞાંકિત
6. જિવાદોરી = જીવાદોરી

[Q - 4]. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો.

1. પર્વત = ડુંગર
2. નજીક = પાસે, સમીપ
3. કિનારો = તટ
4. શિલા = પથ્થર
5. લાભ = ફાયદો
6. જળ = પાણી, નીર

[Q - 5]. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :

1. પૂર્વ × પ્રશ્ચિમ
2. સુંદર × કદરૂપ
3. ઊંચે × નીચે
4. અજવાળું × અંધારું
5. લાંબી × ટૂંકી
6. સુખ × દુઃખ

[Q - 6]. નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

1. હોડીમાં બેસીને ફરવું-સહેલગાહ કરવી તે –નૌકાવિહાર

(2) ધનુષ્યના જેવું અર્ધગોળ, સપ્તરંગી દશ્ય-મુશળધાર

(3) સાંબેલા જેવી જાડી ધાર-મેઘધનુષ્ય

(4) નદી કે દરિયાવચ્ચે આવેલો જમીન-ભાગ-બેટ

(5) લોકોનું ભરણપોષણ કરનાર, ઉછેરનાર માતા –લોકમાતા

[Q - 7]. વિચારીને લખો :

(1) સરદાર સરોવરથી શા ફાયદા થશે ?

➢ સરદાર સરોવરથી આ ફાયદા થશે.

1. ગુજરાત અને રાજસ્થાનને પીવા તથા સિંચાઈ માટે પાણી મળશે.
2. સરદાર સરોવરથી 1450 મેગાવોટ જેટલી વીજળી ઉત્પન કરી શકશે.

(2) નર્મદાને ગુજરાતની જીવાદોરી કેમ કહી છે ?

- નર્મદાનાં પાણી ગુજરાતનાં લોકોને પીવા માટે જીવનની અન્ય જરૂરિયાતો માટે તેમજ સિંચાઈ માટે ખૂબ જ ઉપયોગી છે, નર્મદાનાં પાણી કચ્છ તથા ઉતર ગુજરાતમાં પહોંચી ને લોકોની પાણીની સમસ્યા દૂર કરશે. તેથી તેને ગુજરાતની જીવાદોરી કહી છે.

[Q - 8]. ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો :

**(1) ઉદાહરણ - નર્મ – નર્મદા - આનંદ આપનારી**

1. સુખ = સુખદા – સુખ આપનારી
2. વર =વરદા – વરદાન આપનારી
3. શુભ =શુભદા – શુભ આપનારી
4. હર્ષ =હર્ષદા – આનંદ આપનારી

[Q - 9]. નીચેના શબ્દોનો વાક્યપ્રયોગ કરો :

(1) લીલોતરી =ચોમાસામાં ધરતી પર લીલોતરી ઊગી નીકળે છે.

(2) જીવાદોરી =નર્મદા આસપાસ નર્મદાએ બેટ બનાવ્યો છે.

(3) બેટ =કબીરવડની આસપાસ નર્મદાએ બેટ બનાવ્યો છે.

[Q - 10]. તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

સી/9 કલ્પસરું,વસ્ત્રાપુર
અમદાવાદ-380061
તા-12-2-2014
પ્રિય મિત્ર મુકેશ

તારો ફોન કે પત્ર નથી. તું પત્ર લખજે ગઈકાલે સવારે અમે સૌ પ્રવાસેથી પરત ફર્યા છીએ પ્રવાસમાં અમને બહુ જ ,આજા પડી તું આ પ્રવાસમાં વિશે પત્ર લખું !

નર્મદામૈયાનો પ્રવાસ કરતાં લાગ્યું કે આ નદી ખરેખર ગુજરાતના લોકોની જીવાદોરી છે. આ નદી મધ્ય પ્રદેશના અમરકંટક નામના સરોવરમાંથી નીકળે છે કેટલાય કિલોમીટર સુધી એની બંને બાજુએ બે ઊંચો પર્વતો છે એનો પ્રવાહ ઘસમસતો, ઊછળતો, કૂદતો વહે છે એના કિનારા પરથી કુદરતી શોભા અનેરી છે.

જબલપુર પાસે ભેડાઘાટમાં અમે ચાંદની રાતે નૌકાવિહારની મજા માણી બંદુરકુદવાળી જગ્યા જોવાની અમારી ઈચ્છા પૂરી થઈ માણસ ધારે તો કેવા ઉતમ કર્યો કરી શકે છે. તેનો આ બંધ ઉતમ નમૂનો છે !

આ બધા સ્થળોના અમે ફોત પણ પાડેલા છે. આપણે મળીશું ત્યારે હું તને એ બતાવીશ તારા મમ્મીપપ્પા મારા વંદન.

[Q - 11]. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

(1) સુંદર, સરસ, સૌનિક, સફેદ, સિંચાઈ, સ્નાન

1. સફેદ
2. સરસ
3. સિંચાઇ
4. સુંદર
5. સૈનિક
6. સ્નાન